# બિહારમાં માઓવાદીનો હુમલો

પટણા,તા. ૧૩

છત્તીસગઢમાં કોંગ્રસના કાફલા પર હુમલો કરીને દેશભરમાં ભારે ચર્ચા જગાવ્યા બાદ માઓવાદીઓએ આજે ફરીએકવાર બિહારમાં ટ્રેનને ટાર્ગેટ બનાવીને ભીષણ હુમલો કર્યો હતો અને યાત્રીઓમાં ફફ્ટાડ ફેલાવી દીધો હતો. માઓવાદીઓએ ત્રણયાત્રીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા જ્યારે મોટી સંખ્યામાં યાત્રીઓને ઘાયલ કરી દીધા હતા. મળેલી માહિતી મુજબ સેંકડો માઓવાદીઓ એક સાથે મળીને હુમલો કર્યો હતો. માઓવાદીઓએ ધનબાદ-પટણા ઇન્ટરસીટી એક્સપ્રેસ પર આ હુમલો કર્યો હતો ત્યારબાદ કેટલાક યાત્રીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. જે ત્રણ યાત્રીઓને મારી નાંખવામાં આવ્યા હતા તેમની ઓળખ કરી દેવામાં આવી છે. આમાં અમિતકુમાર, પુરણિયાના સરવરઅલમ અને રેલવે પ્રોટેક્શન ફોર્સના જવાન સુખાન દેવનાથ તરીકે ઓળખાયા છે. કુમાર બિહાર પોલીસના એસઆઈ હતા. તેઓ જમુઈમાં તૈનાત હતા જ્યારે સુખાન દેવનાથ આરએસપીએફની ઈ કંપનીમાં સામેલ હતા. ટ્રેનમાં તેઓ ફરજ પર હતા. ઘાયલ થયેલા યાત્રીઓની ઓળખ પણ કરી લેવામાં આવી છે જેમાં જમાલપુરના મનોજકુમાર, લખિસરાઈના ધર્મેન્દ્ર સાહુ, પટણાના પીકે ત્રિપાઠી, મુજફ્ફરપુરના સતિશકુમાર અને ટ્રેનના ગાર્ડ કેપીસિંહનો સમાવેશ થાય છે. કુમારની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યુ છે. ઇસ્ટ સેન્ટ્રલ રેલવેના પ્રવક્તા અમિતાભ પ્રભાકરે કહ્યુ છે કે ઘાયલ થયેલા તમામ યાત્રીઓને સારવાર માટે જમુઈમાં સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ જ ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક અગ્રણી અંગ્રેજી અખબારના પત્રકારનું કહેવું છે કે નક્સલવાદીઓની ટોળકીમાં સશસ્ત્ર યુવતિઓ પણ હતી. એવું જાણવા મળ્યુ છે કે તેમના કેટલાક લોકો પહેલાથી જ ટ્રેનમાં હતા. ચોક્કસ સ્થળ પર પહોંચ્યા બાદ ટ્રેનમાં ચેઇન ખેંચવામાં આવી હતી. એ વખતે ટ્રેનના કેટલાક ડબા એક સૂરંગમાં હતા. રેલવે બોર્ડના ચેરમેન વિનય મિત્તલે કહ્યુ છે કે અટવાઈ પડેલી ટ્રેનના યાત્રીઓને મોડેથી રવાના કરવામાં આવ્યા હતા.

આ સ્થળ પર ૭૫ મિનિટ સુધી રોકવામાં આવી હતી. ટ્રેનની અવરજવર પોલીસની મંજુરી મળ્યા બાદ શરૂ થઈ ગઈ હતી. આ બનાવ અંગે દુ:ખ વ્યક્ત કરતા પીસીઆરના જીએમ મધુદેશ કુમારે કહ્યુ હતુ કે રેલવે દ્વારા હવે ઈસીઆરમાં નક્સલવાદી ગ્રસ્ત વિસ્તારમાં સુરક્ષા પગલા વધારવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય પોલીસ સાથે વધારે સંકલન જાળવવામાં આવશે. રેલવે ચાલતી ટ્રેનમાં યાત્રીઓની સુરક્ષાની ખાતરી કરશે. ઈસીઆરના દાનાપુર ડિવિઝનના હવડા-પટણા-મુગલસરાઈ સેક્સન મેનલાઈન પર જમુઈ નજીક એક વાગ્યાની આસપાસ યોજનાપુર્વક માઓવાદીઓએ હુમલો કર્યો હતો. પ્રતિબંધિત સંગઠનના શખ્સોએ ટ્રેનના ડબા પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. સ્લિપર ક્લાસના મુસાફરી કરી રહેલા યાત્રીઓને મોટા ભાગે ઇજા થઈ હતી. મહિલાઓ સહિત સશસ્ત્ર માઓવાદીઓ કેટલાક કોચમાં બળજબરીપૂર્વક ઘૂસી ગયા હતા અને યાત્રીઓમાં ભય ફેલાવ્યો હતો. જરૂરી ચીજવસ્તુઓની લૂંટ પણ ચલાવાઈ હતી. ત્રણ વાગ્યા સુધી અપ એન્ડ ડાઉન ખોરવાઈ ગઈ હતી. માઓવાદીઓએ આ હુમલા દરમિયાન બે આરપીએસએફના જવાન પાસેથી રાયફ્લ અને એકે ૪૭ રાયફ્લ આંચકી લીધી હતી. જમુઈ રેલવે સ્ટેશન પહેલા આ હુમલો કરવામાં આવ્યો હતો. ૧૫૦ જેટલા માઓવાદીઓ દ્વારા હુમલો કરાયો હતો. ધનબાદ-પટણા ઇન્ટરસીટી એક્સપ્રેસ પટણા તરફ જઈ રહી હતી. મૃતકોમાં એક આરપીએફ જવાનનો સમાવેશ થાય છે. આ બનાવમાં ટ્રેનના ડ્રાઈવરને પણ ગંભીર ઈજા થઈ હતી જો કે મોડેથી સ્પષ્ટતા કરાઈ હતી કે ડ્રાઈવર નહીં પણ ગાર્ડ હતો. લખિમસરાઈ અને જમુઈથી વધારાની સીઆરપીએફની બટાલિયનો તરત જ બિહારના જમુઈ જિલ્લામાં ઘટનાસ્થળે પહોંચી હતી. જમુઈ જિલ્લાના મેજિસ્ટ્રેટ અને સુપ્રીટેન્ડન્ટે કહ્યુ છે કે યાત્રી ટ્રેન પર હુમલો કરાયો છે. ટ્રેનને હાઈજેક કરવામાં આવી ન હતી. હુમલો કરવામાં આવ્યા બાદ માઓવાદીઓ ફરાર થઈ ગયા હતા. આ બનાવ બાદ હાવડા અને દિલ્હી વચ્ચેની તમામ ટ્રેનો રદ્દ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે છત્તીસગઢમાં તાજેતરમાં જ કોંગ્રેસના કાફલા પર હુમલો કરાયો હતો. ચાર સપ્તાહ પહેલા કરાયેલા આ હુમલામાં ૩૦થી વધુ લોકોના મોત થયા હતા.

## એર ટિકિટ પણ ઈએમઆઈ ઉપર આપવાની ઓફર થઈ

નવી દિલ્હી,તા. ૧૩

વિમાની યાત્રા પણ હવે વધુ સરળ બનાવવામાં આવી રહી છે. વિમાની યાત્રા કરવા ઇચ્છુક લોકો માટે સારા સમાચાર છે. હવે ટિકિટ ખરીદતી વેળા તમામ પૈસા એક સાથે ચૂકવવાની જરૂર નથી. ટિકિટ હપ્તામાં પણ ખરીદી શકાય છે. દેશની બે મોટી એરલાઈન્સ ઈન્ડીગો અને જેટ એરવેઝે વિમાની યાત્રા કરનાર યાત્રીઓ માટે આ સુવિધાની ઓફર કરી છે. આ સુવિધા હેઠળ વિમાની યાત્રા માટે ક્રેડિટ કાર્ડથી ટિકિટની ખરીદી કરી શકાય છે અને બે મહિનાના સરળ હપ્તામાં સમગ્ર પૈસાની ચૂકવણી કરી શકાય છે. એચડીએફસી બેંક, સીટી બેંક અને આઈસીઆઈસીઆઈના ક્રેડિટ કાર્ડ છે તો આનો લાભ લઈ શકાય છે. બે મહિના સુધી હપ્તાની ચૂકવણી થઈ શકશે.

ઈએમઆઈ ઉપર ટિકિટની ખરીદી કરવામાં આવે છે તો દરેક ટિકિટ ઉપર ૧૪ ટકાના વધારાના સર્વિસ ટેક્સ અને ૧ ટકા પ્રોસેસીંગ ફી બેંકને આપવી પડશે. વિમાન માટે ફ્યુઅલની કિંમત સતત વધી રહી છે. એરલાઈન્સ વચ્ચે ગ્રાહકોને આકર્ષિત કરવા ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે આવી સ્થિતિમાં મોબાઈલ કંપનીઓની જેમ જ એરલાઈન્સ પણ પોતાની પ્રોડક્ટ સર્વિસ હવે હપ્તાઓમાં આપવાની ઓફર કરી રહી છે. અન્ય અનેક એરલાઈન્સ પણ બેંકો સાથે આવી જ સમજૂતી કરવાની યોજના બનાવી રહી છે. પેસેન્જરોને ઈએમઆઈની સુવિધા મળી રહી છે પરંતુ સમગ્ર રકમના ૧૫ ટકા વધુ રકમની આમા ચૂકવણી કરવી પડશે.

એક અધિકારીએ કહ્યું છે કે બેંકો વ્યાજમુક્ત ઈએમઆઈ આપે તો વધારે ફાયદો થશે. મોબાઈલ ફોન હેન્ડસેટના મામલામાંજે પ્રકારની સુવિધા છે તે પ્રકારની સુવિધા મળે તેવી રજૂઆત કરવામાં આવી રહી છે. સૂત્રોનું કહેવું છે કે બેંકો હળવું વલણ અપનાવે તો સ્થિતિમાં સુધારો થઈ શકે છે. હાલમાં લો કોસ્ટ ઈન્ડિગો અને જેટ એરવેઝ વચ્ચે નંબર વન સર્વિસ પૂરવાર કરવા માટે ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે. ઈન્ડિગો ગયા વર્ષથી જ પ્રથમ ક્રમાંક ઉપર છે.

## નીતિશના ૧૪મી પછીના તમામ કાર્યક્રમ રદ થયા

નવી દિલ્હી,તા. ૧૩

ભાજપ અને જેડીયુ વચ્ચે ગઠબંધનના અંતના સંકેત દેખાઈ રહ્યા છે. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે ૧૪મી જૂન બાદના પોતાના તમામ સરકારી કાર્યક્રમ રદ કરી દીધા છે. અલબત્ત આના માટે મોનસૂન મુખ્ય કારણ આપવામાં આવી રહ્યું છે પરંતુ સૂત્રોનું કહેવું છે કે નીતિશ ૧૫થી ૧૭ જૂન વચ્ચેકોઈપણ સમયે ભાજપ

સાથે છેડો ફાડવાની જાહેરાત કરી શકે છે. નીતિશકુમારે પોતાની પાર્ટીના તમામ ધારાસભ્યોને પટણા પહોંચવાનો આદેશ આપ્યો છે. ૧૫મી જૂનના દિવસે ધારાસભ્ય સાથે પટણનામાં બેઠક યોજનાર છે. ગઈકાલે મોડી રાત સુધી અડવાણીએ ગઠબંધન જાળવી રાખવાના પ્રયાસ કર્યા હતા. નીતિશકુમાર જુકવા માટે તૈયાર દેખાઈ રહ્યા નથી. નીતિશકુમારે નવા ગઠબંધનના સંકેત આપી દીધા છે. બિહાર ભાજપની તાકિદની બેઠક યોજાઈ હતી. આ બેઠક સુશીલકુમાર મોદીના આવાસ ઉપર બોલાવવામાં આવી હતી. બેઠક બાદ બિહાર ભાજપનાપ્રદેશ અધ્યક્ષ મંગલ પાંડેએ કહ્યું હતું કે અમે ગઠબંધન તોડવા ઈચ્છતા નથી મજબૂત કરવા ઈચ્છીએ છીએ પરંતુ જેડીયુ ઉપર કોઈપણ ફરજ પાડવામાં આવશે નહીં.ભાજપે પણએવો સંકેત આપ્યો છે કે બિહારમાં એકલા હાથે ચૂંટણી લડવા માટે પણ તૈયાર છે.

## અલ્હાબાદ, વારાણસીમાં ૧૫૦ બાળકો એચઆઈવીનો ભોગ બન્યાં

લખનૌ,તા.૧૩

કોઈપણ બાળકને રમકડાંની ભેટ આપો તો રડવાનું બંધ કરી દઈ ખુશખુશાલ કિલકિલાટ કરે છે પરંતુ આ જ માસૂમ માટે ખતરનાક અને ડરામણો ઉપહાર બીજો હોઈ શકે નહીં જેની તેમને ભેટ મળી છે અને એ પણ બીજે ક્યાંયથી નહીં તેમનાં પિતાએ તેમને આવી ગંભીર બિમારી ભેટ સ્વરૂપે આપી છે, જે વિષયમાં તેમને કંઈક ખબર નથી કે તેની સમજ પણ નથી. ઉત્તરપ્રદેશનાં અલાહાબાદ સરોજિની નાયડુ ચિલ્ડ્રન હોસ્પિટલનાં ડૉક્ટર સી.એમ.પાંડેએ બાળકો માં એચઆઈવી પોઝિટીવ અને એઈડ્સ વિષય પર રિસર્ચ કર્યું હતું. આ રિસર્ચ દરમિયાન તેમને ગંભીર અને ભયાનક પરિણામો પ્રાપ્ત થયા છે તે મુજબ અલાહાબાદ વિસ્તારની આસપાસ ૧૫૦ જેટલાં બાળકો છે જેમાં એચઆઈવીનાં લક્ષણો પોઝિટીવ મળ્યાં છે. પાંડેએ જણાવ્યું હતું કે, એચઆઈવી પોઝિટીવ ૧૫૦ જેટલાં બાળકો સરળતાથી મળી આવ્યા છે પરંતુ વાસ્તવિક સંખ્યા આનાથી અનેકગણી વધારે છે. આ સમસ્યા મધ્યમ અને ગ્રામીણ પરિવારોમાં સૌથી વધારે છે જેમાં નોકરી માટે બહાર ગયેલા યુવકોની સંખ્યા વધારે છે. ડૉક્ટર પાંડેએ કહ્યું હતું કે, શારીરિક અને ભાવનાત્મક બંને રીતે તેમનું જીવન નષ્ટ થઈ ચૂક્યું છે. આમાં મોટાભાગનાં બાળકોનાં માતા-પિતાનું મોત થઈ ચૂક્યું છે. કરૂણતા એ છે કે કંઈ જ ન જાણતાં બાળકોનો મોસાળ અથવા અન્ય કોઈ સંબંધીને ત્યાં ઉછેર થઈ રહ્યો છે અને જરૂરી સંભાળ પણ લેવામાં આવતી નથી. વારાણસી અને અન્ય ક્ષેત્રોમાં આનાથી પણ ભયાનક સચ્ચાઈ પ્રકાશમાં આવી છે. રિસર્ચ દરમિયાન મળેલ માહિતી મુજબ આ બાળકોમાં લોહીની ઉણપ અને કુપોષણ સામાન્ય બાબત છે. ફંગલ ઈન્ફેક્શન કોમન છે. ચામડી, ફેફસાં અને પેટ સંબંધી બિમારીઓ જણાઈ આવી છે. આવા બાળકો સામાન્ય ઝટકો પણ સહન કરી શકતાં નથી અને બિમાર પડી જાય છે. કેટલાંક બાળકો માત્ર સાત કે આઠ વર્ષે દમ તોડી દે છે જ્યારે ૯૦ ટકા બાળકોનું ૧ થી ૧૬ વર્ષ સુધીમાં મોત થાય છે. નિયમિત દવાઓ અને ઉચ્ચતમ સંભાળથી તેમનું આયુષ્ય વધારી શકાય છે પરંતુ લોકોમાં એના માટેની જાગૃતિનો અભાવ છે. સમગ્ર ઉત્તર પ્રદેશમાં આવા બાળકોની સંખ્યા ૧૧૦૦થી વધારે છે જેમાં અલાહાબાદ અને વારાણસીમાં સૌથી વધુ એચઆઈવી લક્ષણ ધરાવતાં બાળકો મળી આવ્યા છે.

## સોનાની આયાત પર વધુ ડ્યુટી નહીં વધે : સરકાર

નવી દિલ્હી,તા. ૧૩

સોનાની આયાતમાં ઘટાડો થવાની સાથે જ સરકારે આજે કસ્ટમ ડ્યુટીમાં વધુ વધારો કરવાનો સાફ ઈન્કાર કર્યો હતો. સરકારે સોનાની આયાત પર વધુ ડ્યુટી વધારો ઝિંકવાની કોઈ શક્યતા હોવાનો ઈન્કાર કરતા છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. સરકારે કહ્યુ છે કે સીએડી જેવા આર્થિક પરિબળોમાં નોંધપાત્ર સુધારો થશે. જો ભારતીયો એક વર્ષ સુધી આયાત કરશે નહીં તો સ્થિતિમાં સધારો થશે. ચિદમ્બરમે કહ્યુ હતુ કે તેઓ બિનલોકપ્રિય બનવા ઈચ્છતા નથી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે નેટ સોનાની આયાત દિવસમાં ૧ ૩૫ મિલિયન ડોલરની આસપાસની છે. જો કે હાલના દિવસોમાં તેમાં ઘટાડો થયો છે. સોનાની આયાતમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. જંગી સોનાની આયાતના પરિણામ સ્વરૂપે દેશની વર્તમાન ખાતાકીય ખાદ્ય પર દબાણ વધ્યુ હતુ જેના લીધે ડોલર સામે રૂપિયામાં ઉલ્લેખનીય ઘટાડો થયો હતો. સરકારે સોનાની માંગ પર અંકુશ મુકવા તાજેતરમાં જ આયાત ડ્યુટીને વધારીને આઠ ટકા કરી હતી. રિઝર્વ બેંકે આયાતી સોના પર બેંકો સામે નિયંત્રણો પણ લાદ્યા હતા. ચિદમ્બરમે કહ્યુ છે કે સોનાની ખરીદી હાલમાં ન કરવામાં આવે તે અતિ જરૂરી છે. સોના કરતા ઘણા એવા નાણાંકીય સાધનો છે જે સોનાથી પણ વધુ સારા રિટર્ન આપી શકે છે. સોનામાં રોકાણ ન કરવા ચિદમ્બરમે લોકોને અપીલ કરી હતી. તેમણે દાખલા આપીને સમજાવ્યુ હતુ કે જો ભારત એક વર્ષ સુધી સોનાની આયાત નહીં કરે તો સમગ્ર સ્થિતિમાં ધરખમ ફેરફાર થશે.

## અડવાણી પ્રથમ વખત પક્ષના કાર્યકરો અને સમર્થકોની ભાવના સમજવામાં નિષ્ફળ

નવી દિલ્હી,તા. ૧૩

ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન એલ કે અડવાણી પોતાની કેરિયરમાં પ્રથમ વખત સમર્થકોના મૂડ અને લોકોની ઈચ્છા શક્તિને જાણવામાં નિષ્ફળ રહ્યા છે. આ જ કારણસર તેમને હાલમાં પીછે હટનો સામનો કરવો પડ્યો છે. અડવાણીએ પોતાની કેરિયરમાં પ્રથમ વખત પક્ષના કાર્યકરો અને સમર્થકોની ભાવના તરફ ધ્યાન આપ્યું ન હતું. આશરે બે તૃતીયાંશ લોકો સ્પષ્ટપણે માને છે કે અડવાણી હાલમાં જે કાંઈ પણ કર્યું તે યોગ્ય ન હતું. પહેલા રાજીનામું આપી દેવું અને આગલા દિવસે માની જવાની બાબત ભાજપ માટે સારી નથી. આનાથી ભાજપનું સંકટ વધી ગયું છે. ટાઈમ્સ ગ્રૂપ માટે સી વોટરના સર્વેમાં આ મુજબની બાબત ઊભરીને સપાટી ઉપર આવી છે. ભાજપના મોટાભાગના સમર્થકોનું માનવું છે કે અડવાણીના હાલના પ્રકરણના કારણે આવનાર ચૂંટણીમાં પક્ષને ખૂબ જ નુકસાન થઈ શકે છે. આશરે ૮૦ ટકા ભાજપના સમર્થકો માની રહ્યા છે કે અડવાણીએ જે કાંઈ પણ કર્યું તે પક્ષના હિતોની સરખામણીમાં અંગત કારણોસર કર્યું હતું. માત્ર બે ટકા લોકોએ જ એવો મત આપ્યો છે કે અડવાણીએ જે કાંઈ પણ નિર્ણય લીધા તે યોગ્ય ગણતરી કરીને લીધા હતા. ત્રણ ટકા લોકો એમ પણ માને છે કે પાર્ટી પોતાની વિચારધારા અને મૂલ્યોથી દૂર જઈ રહી હતી જેથી અડવાણીએ રાજીનામું આપ્યું હતું. અડવાણીએ પત્રમાં આ મુજબની બાબતનો પણ ઉલ્લેખ કર્યો હતો.

દરેક ચાર પૈકી ત્રણ સમર્થકો એટલે કે ૭૩ ટકા લોકોનું માનવું છે કે નરેન્દ્ર મોદી પોતાના મેન્ટોર અડવાણી કરતા ખૂબ વધારે લોકપ્રિય છે. તાજેતરના વર્ષોમાં આ સૌથી મોટા લીડરશીપ રેટીંગ અંતર તરીકે છે. ૮૧ ટકા લોકો માને છે કે ભાજપે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરી દેવા જોઈએ. માત્ર ૧૦ પૈકી એક જ વ્યક્તિ માને છે કે હાલના સંકટ બાદ મોદીને પોતે પોતાના પગલાં પાછા ખેંચી લેવા જોઈએ. નરેન્દ્ર મોદી લોકપ્રિયતાના મામલામાં અડવાણી કરતા અનેક ગણો આગળ નીકળી ગયા છે. ૧૯ ટકા લોકો જ માને છે કે અડવાણીની લોકપ્રિયતા વધારે છે. આ સર્વે દરમિયાન ઘણા પ્રશ્નો કરવામાં આવ્યા હતા. તમામ મેટ્રો શહેરમાં ભાજપના ૨૫૨૭ સમર્થકો સાથે વાતચીતના આધાર ઉપર આ તારણ જારી કરવામાં આવ્યા હતા. મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવા જોઈએ નહીં તેવી સંખ્યા માત્ર ૧૨ ટકા હતી. ૭ ટકા લોકોએ તેમની પ્રતિક્રિયા આપી નથી. ચૂંટણીમાં ભાજપની ટકો પર અસર પડશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા ૨૮ ટકા લોકોએ માન્યું કે ગંભીર અસર થશે. ૩૦ ટકા લોકોએ કહ્યું કે ઓછી અસર થશે.

## સમાચાર ઝલક

- ♥ વરસાદ પુરથી યુરોપના અનેક શહેરોમાં તારાજી અને તબાહી.
- ♥ પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રમુખ પરવેઝ મુશર્રફ સામે કાયદાની આંટીઘૂંટીમાં ફસાયા, ફરીથી ધરપકડ થઇ.
- ♥ ઉત્તરપ્રદેશમાં ભૂતપૂર્વ ગૃહમંત્રી અમિત શાહે બીજેપી પ્રભારી તરીકે કામગીરી સંભાળી.
- ♥ ધીમી ગતિએ પણ આર્થિક સુધારાથી આર્થિક સ્થિતિ સુધરી રહી છે : નાણામંત્રી.
- ♥ અહમદનગરમાં વેઇટરને જીવતો સળગાવી દીધો.
- ♥ રિદ્ધિ-સિદ્ધિ કંપનીમાં દરોડા, ૧૦ કરોડની બેનામી સંપત્તિ પકડાઇ.
- ♥ પંજાબના શિક્ષણમંત્રીની ગાડી ઉથલી પડી.
- ♥ લેબનોન પર સિરીયાના હવાઇ હુમલા.
- ♥ બિહારમાં ટ્રેન પર નકલસીઓનો હુમલો.
- ♥ નાના શહેરોને વિમાની સેવાથી જોડાશે : અજિતસિંહ.
- ♥ શેરબજારમાં કડાકો, રૂપિય તૂટવાનો સીલસીલો જારી.
- ♥ દક્ષિણ ગુજરાતમાં મુશળધાર વરસાદ.
- ♥ એસએમએસથી રેલ્વે ટિકીટનું બુકીંગ થઇ શકશે, ૧લી જુલાઇથી અમલ.
- ♥ ભારતના હજ ક્વોટામાં ૪૦,૦૦૦ નો કાપ.
- ♥ બેંક કર્મચારીની ઊંઘ ૧૭ અબજમાં પડી, ભૂલથી રકમ ટ્રાન્સફર થઇ ગઇ, જર્મનીનો કિસ્સો, કિ-બોર્ડ પર ઊંઘી ગયેલો કર્મચારી સસ્પેન્ડ.
- ♥ સોના પર વધુ અંકુશ લાગશે નહીં.
- ♥ અમેરિકાની સાયબર જાસૂસી સામે ભારત લાલઘૂમ.
- ♥ ગુજરાતી ગાયિકા આરાધનાનો અનોખો રેકોર્ડ, છ કેટેગરીમાં વિજેતા, ન્યુઝીલેન્ડમાં રેકોર્ડ બનાવ્યો.
- ♥ બેંકો હવે ધીરાણની ચુકવણી નહિ કરનારને કોર્ટમાં લઇ જશે.
- ♥ સતત કોમ્પ્યુટર અને મોબાઇલનો ઉપયોગ આંગળીઓ માટે હાનિકારક.

## ફુડ સિક્યુરીટી બિલ મામલે સંસદનું ખાસ સત્ર બોલાવાશે

નવી દિલ્હી,તા. ૧૩

ખાદ્યાન્ન પ્રધાન કેવી થોમસે આજે કહ્યુ હતુ કે સરકારે નેશનલ ફુડ સિક્યુરીટી બિલ ઉપર ચર્ચા કરવા સંસદનું ખાસ સત્ર બોલાવવાના હેતુસર મોટા રાજકીય પક્ષો સાથે વાતચીત કરવાનો નિર્ણય કર્યો છે. બીજી બાજુ ફુડ સિક્યુરીટી બિલના મામલે વટહુકમ અમલીનો નિર્ણય ટાળી દેવામાં આવ્યો છે. સર્વસંમતિના અભાવ અને અન્ય કારણોસર વટહુકમ અંગેનો નિર્ણય ટળી ગયો છે. હજુ સુધી એમ માનવામાં આવી રહ્યુ હતુ કે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના સૌથી પ્રિય એવા નેશનલ ફૂડ સિક્યુરીટી બિલને અમલી બનાવવાના હેતુસર વટહુકમ લાવવામાં આવશે. બિલને અમલી બનાવવા વટહુકમ પર ચર્ચા કરવા આજે મળેલી કેબિનેટની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા થોમસે કહ્યુ હતુ કે વટહુકમ અંગેનો નિર્ણય મોકુફ કરી દેવામાં આવ્યો છે કારણ કે સામાન્ય મત એવો છે કે આ બિલ પર સંસદમાંવિસ્તૃત ચર્ચા થવી જોઈએ. થોમસની સાથે સંસદીય બાબતનો પ્રધાન કમલનાથ હવે બિલ માટે રાજકીય પક્ષો સાથે ચર્ચા કરવા સરકારનું પ્રતિનિધિત્વ કરશે. તેમણે ઉમેર્યુ હતુ કે વટહુકમ લાવવા માટેનો વિકલ્પ છેલ્લો રહેશે. સૌથી પહેલા ચર્ચા મારફતે આ બિલને લાવવાના પ્રયાસ કરવામાં આવશે. કેબિનેટે ફુડ બિલ વટહુકમ મોકુફ કરી દીધુ છે અને ખાસ સત્ર પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. ફુડ સિક્યુરીટી બિલને લઈને યુપીએ સરકાર છેલ્લા ઘણા દિવસથી ખુબજ આશાવાદી બનેલી છે પરંતુ આમાં કેટલીક ગુંચવણો પણ દેખાઈ રહી છે.

### ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

(૪) લમ્હા. મહેશ. જાદવ : સે-૩૦
પ્રશ્ન - વિશ્વ જલ-પ્લાવિત વિસ્તાર દિવસ કયારે ઉજવાય છે.
જવાબ - ૨જી ફેબ્રુઆરી
(૫) ઋત્વા. એચ. જાની : સે-૨૮થી
પ્રશ્ન - વિદ્યુત ચુંબકીય પ્રેરણનો સિદ્ધાંત કોણે આપ્યો?
જવાબ - ફેરાડે

**● આ સપ્તાહનો સવાલ...?**

**ગોવાનાં હાલનાં મુખ્યમંત્રીનું નામ શું છે?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

**● સાચા જવાબો :-**

૬ (૫) ૬ (૪) ૫ (૩) ૫ (૨) ૫ (૧) ૫ (૦) ૫ (૯) ૫ (૮) ૫ (૭) ૫ (૬) ૫ (૫) ૫ (૪) ૫ (૩) ૫ (૨) ૫ (૧)

## ઈન્ફોસિસ દ્વારા કર્મીઓના પગારમાં ૮ ટકાનો વધારો

બેંગ્લોર,તા. ૧૩

દેશની મહાકાય કંપનીઓમાં સ્થાન ધરાવતી ઈન્ફોસિસે ભારતમાં સ્થિત કર્મચારીઓ માટે પગારમાં આઠ ટકાના વધારાની જાહેરાત કરી દીધી છે. આ પગાર વધારો પહેલી જુલાઈથી અમલી બનાવવામાં આવશે.

ફેબ્રુઆરી મહિનામાં વધારો નહીં મેળવી ચુકેલા કંપનીના ઓફસોર કર્મચારી પણ તેમના પગારમાં ત્રણ ટકાના વધારાની અપેક્ષા રાખી શકે છે. વૈશ્વિક વેચાણટીમના પગારમાં આઠ ટકાનો વધારો પહેલી મેથી કરવામાં આવ્યો હતો. કંપની તેના કર્મચારીઓને પગારમાં વધારો કરવા વિચારણા કરી રહી છે તેવા અહેવાલ અગાઉ આવી ચુક્યા છે. ગયા મહિને દેશની બીજી સૌથી મોટી આઈટી કંપની ઈન્ફોસિસે તેની વેચાણ ટીમને ઈન્ક્રિમેન્ટ લેટરો આપ્યા હતા. બઢતી મેળવી ચુકેલા કર્મચારીઓને પણ ઈન્ક્રિમેન્ટ લેટરો આપવામાં આવ્યા હતા.અન્ય કંપનીઓ પણ ઈન્ફોસિસની દિશામાં આગળ વધી પગાર વધારો કરે તેવી શક્યતા દેખાઈ રહી છે.

## ઝિયા આત્મહત્યા પ્રકરણમાં સૂરજ જ્યુડિશિયલ કસ્ટડીમાં

મુંબઈ,તા. ૧૩

અભિનેત્રી ઝિયાખાન આત્મહત્યા કેસના મામલામાં મુંબઈની કોર્ટે અભિનેતા દંપતિ આદિત્ય પંચોલી અને ઝરિના વહાબના પુત્ર સૂરજ પંચોલીને ૨૭મી જૂન સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કર્યો હતો. ઝિયાખાનને આત્મહત્યા કરવા પ્રેરિત કરવાના આરોપસર સૂરજને જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. કોર્ટના નિર્ણય બાદ ટૂંક સમયમાં જ સૂરજના વકીલે કહ્યુ હતુ કે તેઓ સેશન્સ કોર્ટમાંજામીન માટેની અરજી કરશે. સોમવારના દિવસે સૂરજની ધરપકડ કરવામાં આવી હતી. ૨૨ વર્ષિય સૂરજનું ત્રણ દિવસની પોલીસ કસ્ટડીની અવધિ પૂરી થયા બાદ આજે કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. ઝિયા ખાનની આત્મહત્યાના મામલામાં વધુ વિગત એકત્રિત કરવાના હેતુસર પોલીસ કસ્ટડીમાં આરોપીની પુછપરછ કરવા પબ્લિક પ્રોશિક્યુટર દ્વારા વધારે સમયની માગ કરવામાં આવી હતી કારણ કે સૂરજે અભિનેત્રી દ્વારા આત્મહત્યા પહેલા મોકલવામાં આવેલા એસએમએસ અને એમએમએસના તમામ મોબાઈલ રેકોર્ડ રદ્દ કરી દીધા હતા. પોલીસે એવી રજુઆત કરી છે કે હજુ સુધી આ ચકચારી કેસમાં ૨૭ લોકોના નિવેદનો નોંધવામાં આવી ચુક્યા છે. સૂરજને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કરતા કોર્ટે ઠેરવ્યુ હતુ કે તેને આર્થર રોડ ખાતેની સેન્ટ્રલ જેલમાં લઈ જવામાં આવે તે જરૂરી છે. ઝિયાખાન દ્વારા લખવામાં આવેલા પત્રો પરિવારા સભ્યો દ્વારા ગયા સપ્તાહમાં પોલીસને સોંપી દેવામાં આવ્યા બાદ સૂરજની ધરપકડનો માર્ગ મોકળો થયો હતો. છ પાનાના પત્રમાં ઝિયાખાને ગર્ભપાત અંગેનો પણ ઉલ્લેખ કર્યો હતો. ઝિયાએ ત્રીજી જૂનના દિવસે તેના જુહુ આવાસ પર ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી ત્યારબાદથી આ મામલામાં એક પછી એક વિગતો સપાટી પર આવી રહી છે. ઝિયાખાને પોતાની બોલિવુડ કેરિયરની શરૂઆત અમિતાભ બચ્ચન અભિનીત રમગોપાલ વર્માની ફિલ્મ નિઃશબ્દ મારફતે કરી હતી.